નો.ક.નઘણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

વિના સહકાર નહીં ઉદ્ધાર

# ચતુર્થ વર્ષ

## ૨૦૨૩-૨૦૨૪

## વાર્ષિક અહેવાલ

## અને

## હિસાબો

## {પાંચમી વાર્ષિક સાધારણ સભા}

## ઓડીટ વર્ગ (૨૦૨૨-૨૩ ‘A’ ગ્રેડ)



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

નો.ક.નધણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

## વ્યવસ્થાપકમંડળ

| ક્રમ | ડિરેક્ટર્સશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી જયાબેન જગદિશભાઈ ચાવડા | ચેરમેનશ્રી |
| ૨. | શ્રી ગોવિંદભાઈ નથુભાઈ ચાંડેરા | વાઇસચેરમેનશ્રી |
| ૩. | શ્રી લાભુબેન નારણભાઈ ખાણીયા | ડાયરેક્ટરશ્રી |
| ૪. | શ્રી ભુપેન્દ્રભાઈ જેઠાભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૫. | શ્રી રીનાબેન અનીલભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |
| ૬. | શ્રી નીતિનભાઈ નાજાભાઈ સોંદરવા | ડાયરેક્ટરશ્રી |
| ૭. | શ્રી જીજ્ઞાબેન હિતેષભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૮. | શ્રી નગાભાઈ દુદાભાઈ મકવાણા | ડાયરેક્ટરશ્રી |
| ૯. | શ્રી વિભાબેન રમેશભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |
| | શ્રી લક્ષ્મણભાઇ હમીરભાઇ જોગદીયા | ઇ.ઓડીટરશ્રી |

### કર્મચારીગણ

શ્રી એન.સી.સાંખટ (માનદમંત્રી) માનદસેવા

શ્રી જે.કે.કબીરાણી સહાયક મંત્રી

**પારદર્શક સંચાલન સફળ સહકારીતાનો પાયો છે.**



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

# શ્રી સમતા કો.ઓ.કે.સો.લી. તાલાલા ગીર

## પાંચમી વાર્ષિક સાધારણ સભાના એજન્ડા

આથી મંડળીનાં સર્વે સભાસદ ભાઈ બહેનોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની વાર્ષિક સાધારણ સભા તા.૧૫/૦૯/૨૦૨૪ને રવિવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી ધૃવકુમાર છાત્રાલય, કેતનમીલ ગેટની બાજુમાં, વેરાવળ રોડ, તાલાલા ગીર ખાતે નીચે જણાવેલ કાર્યસૂચિનાં કામકાજ માટે મળશે. જેથી તમામ સભાસદ ભાઈ બહેનો સહપરિજનોને હાજરી આપવા વિનંતી છે.

❖ **કાર્યસૂચિ**

૧. આ મંડળીની તા.૨૪/૦૯/૨૦૨૩ નાં રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં થયેલ કાર્યવાહીની નોંધ લેવા અને બહાલી આપવા બાબત.

૨. તા.૩૧/૦૩/૨૦૨૪ નાં રોજ પૂરા થતાં વર્ષના મંડળીએ તૈયાર કરેલ વાર્ષિક અહેવાલ તથા મંડળીના તારીજ, સરવૈયા અને નફા-તોટાનાં હિસાબોની નોંધ લઈ માન્ય રાખવા બાબત.

૩. ઓડીટ રીપોર્ટ, મેમો સને ૨૦૨૨-૨૦૨૩ વંચાણે લઈ વ્ય.ક.એ. તૈયાર કરેલ દુરસ્તી અહેવાલને બહાલી આપવા બાબત.

૪. સને ૨૦૨૩-૨૦૨૪ વર્ષનાં ચોખ્ખા નફાની ફાળવણીને માન્ય રાખી મંજુર રાખવા બાબત.

૫. સને ૨૦૨૩-૨૪ નાં વર્ષ દરમ્યાન વ્ય.સમિતિએ કરેલી કાર્યવાહીને બહાલી આપવા બાબત.

૬. સને ૨૦૨૪-૨૦૨૫ નાં વર્ષ માટે અંદાજીત ખર્ચનું બજેટ મંજૂર કરવા બાબત.

૭. સને ૨૦૨૪-૨૦૨૫ નાં વર્ષ માટે આંતરિક અન્વેષક (Internal Auditor) નિમણુંક બાબત.

૮. માનદ મંત્રીશ્રીની નિમણુંક કરવા બાબત.

૯. કર્જ અને ધીરાણ લેવા-દેવા તથા વ્યાજદર બાબત.

૧૦. સંસ્થાએ ખરીદેલ એમ્બ્યુલન્સની બહાલી બાબત.

૧૧.અધ્યક્ષશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

**નોંધ.** ૧. સભા નોન કોરમ થશે તો સભાના અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે નોનકોરમ સભામાં એજન્ડા મુજબનું કામકાજ કરવામાં આવશે.

૨. અહેવાલ, હિસાબ બાબતે કોઈપણ વિગતે ચોખવટ કરવાની હોય તો સાધારણ સભા પહેલા ઓફીસ સમયે કરી લેવા વિનંતી.

તા. ૦૧/૦૯/૨૦૨૪

બોર્ડ ઓફ ડિરેક્ટર્સનાં આદેશથી
શ્રી નરેશ છ. સાંખટ
માનદ્ મંત્રી
શ્રી સમતા કો.ઓ.કે.સો.લી. તાલાલા ગીર

# શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

## પ્રમુખશ્રીનું નિવેદન

આત્મીય સભાસદ ભાઈઓ તથા બહેનો નમસ્કાર......

આપણી મંડળી પ્રગતિના પંથે આગળ વધતા વાર્ષિક અહેવાલ તેમજ વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪નાં વર્ષના મંડળીએ કરેલ કામગીરીનો અહેવાલ, વાર્ષિક હિસાબો, નફા તોટા પત્રક આ સાથે રજૂ કરતા આનંદની લાગણી અનુભવું છું. મંડળીના વ્ય.ક.નાં સભ્યશ્રીઓએ સભાસદોશ્રીના હિતલક્ષી નિર્ણયો સર્વાનુમતે લીધેલ છે. જેથી મંડળીની વધુને વધુ પ્રગતિ થઈ રહી છે. જેનું મને ગૌરવ છે. મને આનંદ થાય છે કે આ મંડળીમાં સર્વાનુંમતે અમોએ કરેલા કાર્યો જણાવતા આનંદ અનુભવીએ છીએ અને અમારાં આ નિર્ણયોને આપ સહર્ષ સ્વીકારશો. એવી આશા રાખીએ છીએ. આ વર્ષ દરમ્યાન સભાસદોની લોન નિયમિત રીતે મંજુર કરેલ છે અને ધીરાણ માટે નાણાંની જરૂરિયાત પૂરી પાડેલ છે. જેથી કોઇપણ સભાસદને લાંબો સમય પ્રતીક્ષા યાદીમાં રહેવું પડેલ નથી. તેમજ મંડળીએ બેંક ખાતે પણ ફી.ડી.માં રોકાણ કર્યું છે.

આ બધું આપના સહકારથી શક્ય બન્યું છે. અમો આવું કાર્ય એકલા હાથે કરી શકીએ નહી. આ સંસ્થા પ્રથમ વર્ષથી જ પ્રગતિ કરી રહી છે. જેમાં આપનો અમૂલ્ય ફાળો છે. એની અમો ખુશી વ્યક્ત કરીએ છીએ. મંડળીના કાર્ય અને ભંડોળ વગેરે તરફ જોઈએ તો મંડળી સતત સફળતા મેળવી રહી છે અને ગત વર્ષની સાધારણ સભા પ્રમાણેની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. આ તકે આપણા દિવંગત સભાસદોને શબ્દાંજલી સમતા પરીવાર વતી અર્પણ કરીએ છીએ.

દરેક સભાસદને તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનાં હિસાબો સાથે બચત અને ધીરાણ તેમજ ફી.ડી. વગેરેની વિગતનું સ્ટેટમેન્ટ આપને આ સાથે જ મળી જશે.

**એક-મેકનાં સહકારથી સમૃદ્ધિ**

**બેન્કર્સ**

ધી જૂનાગઢજિલ્લા સહકારી બેંક લિ. તાલાલા ગીર

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા બસ સ્ટેન્ડ શાખા તાલાલા ગીર

સબ્બ પાપસ્સ અકરણમ, કુસલસ્સ ઉપસંપદા........... સૌનુંમંગલ થાય.

**આ પ્રગતિ આપના સાથ અને સહકારનું પરિણામ છે.**



Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150

# શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

## સંસ્થાનાં વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નાં હિસાબ

### શેર ભંડોળ

મંડળીના તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું શેર ભંડોળ રૂ. ૨,૮૦,૯૦૦.૦૦ હતું, જેમાં રૂ. ૨,૦૬,૪૦૦.૦૦ નો વધારો અને રૂ. ૨૫૦૦.૦૦ નો ઘટાડો થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૪નાં રોજ શેર ભંડોળ રૂ. ૪,૮૪,૮૦૦.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા દર્શાવે છે.

### સભ્ય સંખ્યા

મંડળીમાં તા.૩૧/૦૩/૨૦૨૩નાં રોજ સભ્ય સંખ્યા ૨૪૧ ની હતી, જેમાં ૬૪ સભ્યો નવા દાખલ થયેલ અને ૩ સભ્ય સ્થળાંતર તથા અવસાનનાં લીધે છૂટાં થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૪ની સ્થિતિએ સભ્ય સંખ્યા ૩૦૨ તથા નોમિનલ સભ્ય ૩૦ આમ કુલ સભ્ય સંખ્યા ૩૩૨ રહેલ છે.

### અનામત ભંડોળ

તા.૩૧/૦૩/૨/૨૪ સુધીમાં મંડળીનું અનામત ભંડોળ રૂ. ૧૯,૧૮૭.૦૦ વર્ષાન્તે થયેલ છે.

### સભાસદ બચત

મંડળીના તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીની સભાસદ બચત રૂ.૧૧,૫૫,૫૦૬.૦૦ હતી, જેમાં રૂ.૭,૩૦,૩૯૦.૦૦નો વધારો અને રૂ.૫,૬૯,૬૫૬.૦૦નું ચુકવણું થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૪નાં રોજ સભાસદ બચત રૂ.૧૩,૧૬,૨૪૦.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા દર્શાવે છે.

### સભાસદ ફ્રી.ડી.

મંડળીમાં તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીની સભાસદ ફ્રી.ડી. રૂ.૨,૮૬,૪૩૩.૦૦ હતી, જેમાં રૂ.૧૦,૦૩,૧૮૮.૦૦નો વધારો અને રૂ.૬,૫૩,૯૦૯.૦૦નું ચુકવણું થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૪નાં રોજ સભાસદ ફ્રી.ડી રૂ.૬,૩૫,૭૧૨.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા અને પ્રગતિ દર્શાવે છે.

### ધી જૂ.જી.સ.બેંક શેર

આપણી મંડળીનાં ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંકનાં સભાસદ શેરભંડોળ ખાતે રૂ.૫૦૦૦.૦૦ રહેલ છે.

# શ્રી સમતા કો.ઓ.કે.સો.લી. તાલાલા ગીર

## નફો

નફા તોટા પત્રક મુજબ તા.૩૧/૦૩/૨૦૨૪નાં રોજ રૂ.૫૨,૭૨૦.૪૦ થયો છે. પેટા નિયમ મુજબ નફાની વહેંચણી કરવાની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી ભલામણ કરવામાં આવે છે.

## ધીરાણ અને વસુલાત

મંડળી પોતાના સ્વભંડોળમાંથી જ ધીરાણ કરે છે. જેમાં સભાસદ ધીરાણ તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં રૂ.૧૦,૨૨,૨૪૩.૦૦ હતું જેમાં રૂ.૨૧,૮૬,૭૯૫.૦૦ ધિરાણ અને રૂ.૧૪,૫૨,૫૫૪.૦૦ વસુલાત જમા થતાં તા.૩૧/૦૩/૨૦૨૪નાં રોજ રૂ.૧૭,૫૬,૪૮૪.૦૦ ધીરાણ બાકી રહેલ છે.

## વ્યાજદર

ધીરાણ ઉપર વ્યાજદર વાર્ષિક ૧૧% (ગણતરી ત્રીમાસિક) અને સભાસદ બચત પર ૫% (વાર્ષિક) તેમજ ફીક્ષ ડીપોઝીટ પર વર્ષ ૬.૫% નિયમ અનુસાર વાર્ષિક વ્યાજદર ગણતરી કરીને અનુક્રમે ધિરાણ ખાતે, બચત ખાતે અને ફી.ડી. ખાતે જમા કરેલ છે.

## બેંકમાં ફી.ડી રોકાણ.

મંડળી પોતાના ભંડોળનું રોકાણ શ્રી જુનાગઢ જિલ્લા સહકારી બેંક તાલાલા ગીર શાખામાં તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં રૂ.૫,૫૦,૦૦૦.૦૦ હતું જેમાં રૂ.૫,૦૦,૦૦૦.૦૦ વધારો અને રૂ.૫,૦૦,૦૦૦.૦૦ પાકતી મુદતે તા.૩૧/૦૩/૨૦૨૪ નાં રોજ રૂ.૫૫,૦૦,૦૦.૦૦ તેમજ ગુજરાત રાજ્ય જમીન ગ્રામિણ વિકાસ બેંકમાં રૂ.૧૦૦,૦૦૦.૦૦ એમ કુલ રૂ.૬,૫૦,૦૦૦.૦૦ ફી.ડી. ખાતે રહેલ છે.

### સંસ્થા અને સભાસદનાં હિત માટે

- આપની સાથે સરળતાથી સંપર્ક થઇ શકે તે માટે આપનો મોબાઈલ નંબર કે સરનામું બદલે તો સંસ્થાની ઓફીસમાં અથવા ટેલીફોનીક જાણ કરવા વિનંતી.
- સંસ્થા અને જામીનદાર બંનેના હિત માટે લોન કેસમાં **જામીન** થયા હોય તો લોનનાં હપ્તા સમયસર ભરાય છે કે તેની ખાત્રી કરવી જરૂરી છે.
- લોન લેનાર સભાસદે લોન હપ્તો દર મહિનાની તારીખ ૧ થી ૧૦ સુધીમાં જમા કરાવવો ફરજિયાત છે અન્યથા દંડનીય વ્યાજ લાગુ પડી શકે છે.
- બચત કે લોન હપ્તો ભર્યાની પહોંચ મેળવવી અને ચકાસણી કરવાનો આગ્રહ રાખવો.
- લોન હપ્તામાં અનિયમિત સભાસદની વસુલાત ચેક દ્વારા કરવામાં આવે છે માટે નિયમિત હપ્તા ભરતા રહેવું જરૂરી છે.
- સંસ્થાના સ્વભંડોળની સગવડ મુજબ ધિરાણ ક્રમાનુસાર આપવામાં આવશે.
- ધિરાણ મેળવવા માટે નિયત નમૂના ફોર્મ સાથે જરૂરી આધારો અને વિગતો આપવાની રહેશે.

# શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

**આભાર દર્શન**

આપણી સંસ્થાની ઉત્તરોતર પ્રગતિ અને વહીવટમાં સદૈવ મદદરૂપ અને માર્ગદર્શક રહેલા તાલુકા પ્રાથમિક શિક્ષક મંડળીના પૂર્વ ચેરમેન શ્રી જગદીશભાઈ બી.ચાવડા, મંત્રીશ્રી લલિતભાઈ ચાંડેરા, ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક–સંઘનાં **ચેરમેનશ્રી**, ડીરેક્ટરશ્રીઓ તમામ અને CEO સાહેબ અને ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક તાલાલા શાખાનાં મેનેજર સાહેબ સહ સ્ટાફગણ, SBI BUS STAND શાખા તાલાલા મેનેજર સાહેબ તથા સ્ટાફગણ, આત્મીય **તત્વમસિ શ્રી નાગબાપુ વાળા સાહેબ** પૂર્વ ઓડીટર જુનાગઢ અને વર્તમાન MD ગાયત્રી વિદ્યાપીઠ, જુનાગઢ તથા સિદ્ધપુર – ઊંઝા તાલુકા પ્રા.શિક્ષક મંડળીનાં **ચેરમેનશ્રી**, ડીરેક્ટરશ્રીઓ, સભ્યો તેમજ મંત્રી કમ ઓડીટર શ્રી **સીરાજભાઈ** મોગલ ખાન સાહેબ સૌનો આ તકે આભાર વ્યક્ત કરું છું.

**શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી** ગીર સોમનાથ અને મદદનીશ જિલ્લાર જિસ્ટ્રાર સાહેબશ્રી તથા તમામ સહકારી સ્ટાફશ્રી ગીર સોમનાથ, તાલુકા અને જિલ્લાનાં સહકારી અગ્રણીશ્રીઓ, તાલુકા વિસ્તરણ અધિકારીશ્રી (સહકાર), તાલુકા અને જિલ્લા કક્ષાનાં ઓડીટર્સશ્રીઓ તમામ, નિવૃત શિક્ષકો અને નિવૃત કર્મચારી- અધિકારીશ્રીઓ તમામ, તાલુકા પૂર્વ TPEO શ્રી રામ સાહેબ તેમજ BRC, CRC મિત્રો અને તમામ BRC ઓફીસ સ્ટાફ, માધ્યમિક અને ઉચ્ચતર શાળા કર્મચારી મિત્રો, ધ્રુવકુમાર છાત્રાલય તાલાલાનાં સંચાલકશ્રીઓ શ્રી હરેશભાઈ ધોળિયા અને રમેશભાઈ માવદીયા તેમજ ગૃહપતિશ્રી સકરાભાઇ મુછડીયા, શ્રી શિવ સંગમ કો.ઓ.ક્રે.સો,લી રાજકોટનાં ચેરમેનશ્રી, ડિરેક્ટર્સશ્રીઓ તેમજ આપણી સંસ્થાના તમામ સભાસદશ્રીઓ, સિદ્ધાર્થ પાર્ક સોસાયટીનાં રહેવાસીશ્રીઓ અને સમસ્ત તાલાલા શહેરવાસીઓ અને તાલુકાની જાહેર જનતા તેમજ આપણી મંડળીના તમામ હિતેચ્છુ નામી અનામી શુભેચ્છક સભાસદોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપણી સંસ્થાનાં લોક સેવાર્થે લોક ફાળાથી **સમતા એમ્બ્યુલન્સ** અભિયાનમાં **જોડાયેલા** અને **ભવિષ્યમાં** સહયોગ આપનાર તમામનાં **ઋણી** રહીશું.

સમતા એમ્બ્યુલન્સ સેવા રાહતદરે લોકોની સેવાર્થે કાર્યરત રાખવા માટે આપણે સૌ આપણા **જન્મ દિવસ કે કોઈ સામાજિક, ધાર્મિક દિવસનાં રોજ આર્થિક યોગદાન આપતા** રહીએ.

અંતમાં સૌનો આભાર....... જય ભારત........... જય સહકાર..........વંદે માતરમ.........

**આભારસહ**

આપની વિશ્વાસું
શ્રી જયાબેન જે. ચાવડા
ચેરપર્સન
શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

# શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીર

## તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધીની તારીજ

| વિગત | જમા | ઉધાર |
|---|---|---|
| શ્રી શેર ભંડોળ ખાતે | . 2,06,400.00 | . 2,500.00 |
| શ્રી સભાસદ ફી.ડી. ખાતે | . 10,03,188.00 | . 6,53,909.00 |
| શ્રી ફરજીયાત બચત ખાતે | . 7,30,390.00 | . 5,69,656.00 |
| શ્રી વિમા ખાતે | . 17,760.00 | . 3,565.00 |
| શ્રી બેંક ફી.ડી. ખાતે | . 5,00,000.00 | . 5,00,000.00 |
| શ્રી જુ.જી.સ.બેંક ચાલુ ખાતે | . 22,08,341.80 | . 22,02,715.00 |
| શ્રી SBI બેંક ચાલુ ખાતે | . 10,36,366.00 | . 10,16,740.00 |
| શ્રી જૂ.જી.સ.બેંક બચત ખાતે | . 70.80 | . 1,65,165.70 |
| શ્રી ગુજરત રાજ્ય જમિન અને ગ્રામિણ વિકાસ બેંક લી. | . 0.00 | . 1,00,000.00 |
| શ્રી પરચુરણ ખર્ચ ખાતે | . 0.00 | . 2,835.00 |
| શ્રી પોસ્ટ/ટપાલ ખર્ચ ખાતે | . 0.00 | . 37.00 |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ જાવક ખાતે | . 0.00 | . 60,664.00 |
| શ્રી ફી.ડી. વ્યાજ જાવક ખાતે | . 0.00 | . 29,537.00 |
| શ્રી બેંક ચાર્જ ખર્ચ ખાતે | . 0.00 | . 1,734.60 |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | . 0.00 | . 4,080.00 |
| શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ ખાતે | . 0.00 | . 4,679.00 |
| શ્રી પગાર ખર્ચ ખાતે | . 0.00 | . 6,000.00 |
| શ્રી ઓફિસ ભાડા ખર્ચ ખાતે | . 0.00 | . 13,000.00 |
| શ્રી ઓડીટ ફી ખાતે | . 0.00 | . 3,000.00 |
| શ્રી લાઇટ બિલ ખાતે | . 0.00 | . 3,643.00 |
| શ્રી લોન વ્યાજ આવક ખાતે | . 1,50,795.00 | . 0.00 |
| શ્રી ડેડ સ્ટોક ઘસારા ખાતે | . 2,075.00 | . 0.00 |
| શ્રી અનામત ભંડોળ ખાતે | . 7,537.00 | . 0.00 |
| શ્રી ડુબત લેણા ખાતે | . 3,112.00 | . 0.00 |
| શ્રી સમતા એમ્બ્યુલંસ ભંડોળ ખાતે | . 1,76,088.70 | . 0.00 |
| શ્રી મકાન ફંડ ખાતે | . 2,075.00 | . 0.00 |
| શ્રી શિક્ષણ ફંડ ખાતે | . 1,037.00 | . 0.00 |
| શ્રી સહકાર પ્રચાર & પસાર ખાતે | . 726.00 | . 1,100.00 |
| શ્રી ધર્માદા ખાતે | . 726.00 | . 0.00 |
| શ્રી હેલ્થ & વેલ્ફેર ખાતે | . 5,809.90 | . 0.00 |
| શ્રી લાઇબ્રેરી ખાતે | . 0.00 | . 750.00 |
| શ્રી ફેડરેશન સભ્યપદ ખાતે | . 0.00 | . 1,000.00 |
| શ્રી સહકાર ભારત | . 0.00 | . 100.00 |
| શ્રી ટ્રાન્સફર ખાતુ | . 3,47,642.00 | . 3,47,642.00 |
| શ્રી ઘરગથ્થું સામાન લોન | . 43,420.00 | . 43,420.00 |
| શ્રી સભાસદ ધીરાણ ખાતે | . 14,52,554.00 | . 21,86,795.00 |
| શ્રી ખરીદ ખાતુ | . 41,030.00 | . 85,640.00 |
| શ્રી વેચાણ ખાતુ | . 44,980.00 | . 0.00 |
| શ્રી ફોર્મ ફી ખાતે | . 5,600.00 | . 0.00 |
| શ્રી લોન પ્રોસેસ ફી ખાતે | . 12,700.00 | . 0.00 |
| શ્રી સભ્યપદ પ્રક્રિયા ફી | . 2,050.00 | . 0.00 |
| શ્રી બેંક ફી.ડી. વ્યાજ આવક ખાતે | . 10,415.00 | . 0.00 |
| શ્રી ફી.ડી. વ્યાજ દેવા બાકી ખાતે | . 12,061.00 | . 0.00 |
| શ્રી પ્રવેશ ફી ખાતે | . 2,350.00 | . 2,350.00 |
| શ્રી અધેસીવ સ્ટેમ્પ ખાતે | . 5,500.00 | . 4,500.00 |
| શ્રી નફા તોટા ખાતે | . 0.00 | . 20,747.90 |
| શ્રી નોમિનલ સભ્ય | . 3,000.00 | . 0.00 |
| શ્રી રોકડ ખાતુ | . 2,994.00 | . 1,289.00 |
| કુલ | . 80,38,794.20 | . 80,38,794.20 |

## વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નું નફા નુકશાન પત્રક

| વિગત | જમા | વિગત | ઉધાર |
|---|---|---|---|
| શ્રી લોન વ્યાજ આવક ખાતે | 1,50,795.00 | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | 2,835.00 |
| શ્રી ફોર્મ ફી ખાતે | 5,600.00 | શ્રી પોસ્ટ/ટપાલ ખર્ચ ખાતે | 37.00 |
| શ્રી બેંક ફી.ડી. વ્યાજ આવક ખાતે | 10,415.00 | શ્રી ફરજીયાત બચત વ્યાજ જાવક ખાતે | 60,664.00 |
| શ્રી લોન પ્રોસેસ ફી ખાતે | 12,700.00 | શ્રી ફી.ડી. વ્યાજ જાવક ખાતે | 29,537.00 |
| શ્રી સભ્યપદ પ્રક્રિયા ફી | 2,050.00 | શ્રી બેંક ચાર્જ ખર્ચ ખાતે | 1,734.60 |
| Gross Profile | 370.00 | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | 4,080.00 |
| | | શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ ખાતે | 4,679.00 |
| | | શ્રી પગાર ખર્ચ ખાતે | 6,000.00 |
| | | શ્રી ઓફિસ ભાડા ખર્ચ ખાતે | 13,000.00 |
| | | શ્રી ઓડીટ ફી ખાતે | 3,000.00 |
| | | શ્રી લાઇટ બિલ ખાતે | 3,643.00 |
| | | શ્રી ચોખ્ખો નફો | 52,720.40 |
| | 1,81,930.00 | | 1,81,930.00 |

## વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નું વ્યાપાર પત્રક

| વિગત | જમા | વિગત | ઉધાર |
|---|---|---|---|
| શ્રી વેચાણ ખાતું | 44,980.00 | શ્રી ખરીદી ખાતું | 44,610.00 |
| | | શ્રી નફા તોટા | 370.00 |
| | 44,980.00 | | 44,980.00 |

## ૩૧/03/૨૦૨૪ નું પાકું સરવૈયું

| વિગત | જમા | વિગત | ઉધાર |
|---|---|---|---|
| શ્રી શેર ભંડોળ ખાતે | . 4,84,800.00 | શ્રી ડેડ સ્ટોક ખાતે | . 40,556.00 |
| શ્રી સભાસદ ફી.ડી. ખાતે | . 6,35,712.00 | શ્રી કોમ્પ્યુટર સોફ્ટવેર ખાતે | . 51,375.00 |
| શ્રી ડેડ સ્ટોક ઘસારા ખાતે | . 4,095.00 | શ્રી લાઈબ્રેરી ખાતે | . 750.00 |
| શ્રી અનામત ભંડોળ ખાતે | . 19,187.00 | શ્રી બેંક ફી.ડી. ખાતે | . 5,50,000.00 |
| શ્રી ડુબત લેણા ખાતે | . 6,141.00 | શ્રી બેંક શેર ખાતે | . 5,000.00 |
| શ્રી સમતા એમ્બ્યુલંસ ભંડોળ ખાતે | . 2,80,314.70 | શ્રી ફેડરેશન સભ્યપદ ખાતે | . 1,000.00 |
| શ્રી મકાન ફંડ ખાતે | . 4,095.00 | શ્રી સહકાર ભારત | . 100.00 |
| શ્રી શિક્ષણ ફંડ ખાતે | . 2,047.00 | શ્રી જુ.જી.સ.બેંક ચાલુ ખાતે | . 46,851.90 |
| શ્રી સહકાર પ્રચાર & પસાર ખાતે | . 333.00 | શ્રી જૂ.જી.સ.બેંક બચત ખાતે | . 2,70,475.50 |
| શ્રી ધર્માદા ખાતે | . 1,433.00 | શ્રી SBI બેંક ચાલુ ખાતે | . 39,573.41 |
| શ્રી હેલ્થ & વેલ્ફેર ખાતે | . 11,505.71 | શ્રી ગુજરત રાજ્ય જમિન અને ગ્રામિણ વિકાસ બેંક લી. | . 1,00,000.00 |
| શ્રી ફરજીયાત બચત ખાતે | . 13,16,240.00 | શ્રી સભાસદ ધીરાણ ખાતે | . 17,56,484.00 |
| શ્રી વિમા ખાતે | . 29,770.00 | શ્રી રોકડ ખાતુ | . 1,289.00 |
| શ્રી નોમિનલ સભ્ય | . 3,000.00 | | |
| શ્રી ફી.ડી. વ્યાજ દેવા બાકી ખાતે | . 12,061.00 | | |
| શ્રી ચોખ્ખો નફો | . 52,720.40 | | |
| | . 28,63,454.81 | | . 28,63,454.81 |

| | | | |
|---|---|---|---|
| નરેશ છ. સાંખટ | લક્ષ્મણભાઇ હ. જોગદીયા | ગોવિંદભાઇ ન. ચાંડેરા | જયાબેન જ. ચાવડા |
| માનદમંત્રીશ્રી | ઇ.ઓડીટરશ્રી | વા.ચેરમેનશ્રી | ચેરપર્સનશ્રી |

# -: આંતરિક ઓડીટ રીપોર્ટ :-

અમોએ શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા ગીરનાં તા.૩૧/૦૩/૨૦૨૪ નાં રોજ પૂરા થતાં વર્ષનાં હિસાબો તપાસ્યા છે અને અમારા અભિપ્રાય મુજબ (૧) અમોને જોઇતી માહિતી તથા ખુલાસાઓ મળ્યા છે તેમજ અમારા અભિપ્રાય મુજબ પાકું - સરવૈયું તથા નફા - નુકશાન ખાતાનું તારણ કાયદેસર રીતે કાઢેલ છે (૨) સદર પાકું - સરવૈયું મળેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ અને ચોપડામાં બતાવ્યા પ્રમાણે સોસાયટીના વહીવટનો તથા પરિસ્થિતિનો સંતોષકારક અહેવાલ રજૂ કરેલ છે. (૩) તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ઓડીટ થઈ ગયેલ છે જેમા **અ** વર્ગ મળેલ જે સોસાયટી માટે ઘણી સારી બાબત કહેવાય એકંદરે વહીવટ સારો અને કરકસરયુક્ત છે.

શ્રી એલ.એચ.જોગદીયા

ઇ.ઓડીટર

## સને૨૦૨૩-૨૦૨૪ નાં નફાની વહેંચણીનું પત્રક

| વિગત | રૂ.પૈસા. | વિગત | રૂ.પૈસા |
|---|---|---|---|
| સને ૨૦૨૩-૨૦૨૪નો ચોખ્ખો નફો | ૫૨,૭૨૦.૪૦ | શ્રી અનામત ભંડોળ ૨૫% | ૧૩૧૮૦.૧૦ |
| | | શ્રી ડુબત લેણાં ફંડ ૧૫% | ૭૯૦૮.૦૬ |
| | | શ્રી ડેડ સ્ટોક ઘસારાફંડ ૧૦% | ૫૨૭૨.૦૪ |
| | | શ્રી મકાન ફંડ ૧૦% | ૫૨૭૨.૦૪ |
| | | શ્રી શિક્ષણ ફંડ ૫% | ૨૬૩૬.૦૨ |
| | | | ૩૪૨૬૮૨૬. |
| | | બાકી વધેલી રકમ | ૧૮૪૫૨.૧૪ |
| | | શ્રી સહકાર ફંડ ૧૦% | ૧૮૪૫.૨૧ |
| | | શ્રી ધર્માદા ફંડ ૧૦% | ૧૮૪૫.૨૧ |
| | | શ્રીસભાસદ હેલ્થ & વેલ્ફેર ફંડ ૮૦% | ૧૪૭૬૧.૭૧ |
| કુલ સરવાળો | ૫૨,૭૨૦.૪૦ | કુલ સરવાળો | ૫૨,૭૨૦.૪૦ |

## સને ૨૦૨૪-૨૦૨૫ નાં વર્ષનું અંદાજપત્ર

| વિગત | ૨૦૨૩-૨૦૨૪ ખર્ચ | ૨૦૨૪-૨૦૨૫ અંદાજીતખર્ચ |
|---|---|---|
| શ્રી પરચુરણ ખર્ચ | ૨૮૩૫ | ૫૦૦૦ |
| શ્રી સ્ટેશનરી ખર્ચ | ૪૦૮૦ | ૫૦૦૦ |
| શ્રી વ્ય.ક.બેઠક ખર્ચ | ૦૦ | ૧૨૦૦ |
| શ્રી વાર્ષિક સભા ખર્ચ | ૪૬૭૯ | ૫૦૦૦ |
| શ્રી પગાર ખર્ચ | ૬૦૦૦ | ૨૪૦૦૦ |
| શ્રી પોસ્ટ / ટપાલ ખર્ચ | ૩૭ | ૧૦૦૦ |
| શ્રી ઓફીસ ભાડા ખર્ચ | ૧૩૦૦૦ | ૨૪૦૦૦ |
| શ્રી ઓફીસ લાઈટ બીલ ખર્ચ | ૩૬૪૩ | ૫૦૦૦ |
| શ્રી બેંક ચાર્જ | ૧૭૩૪ | ૨૦૦૦ |
| શ્રી ઓડીટ ફી ખર્ચ | ૩૦૦૦ | ૩૦૦૦ |

<u>સમતા એમ્બ્યુલંસ તાલાલા ગીર</u>

- ભારતિયો દ્વારા ભારતિયો માટે કાર્યરત..... **સમતા એમ્બ્યુલંસ**.........
- ભારતભરમાંથી રૂ.૧/૧૦/૨૦/૫૦/૧૦૦........સોશિયલ મિડિયા અને સંપર્કો દ્વારા યોગદાન.
- તત્વમસિ આદ.નાગબાપુ વાળા પૂર્વ ઓડીટર જૂનાગઢ અને સહયોગી મિત્રોનું રૂ.૧,૫૧,૦૦૦/- યોગદાન.
- લોકસેવક દિવંગત આદ.વાડીલાલભાઇ શાહ એવરેસ્ટ મસાલા નાં સ્મર્ણાર્થે રૂ.૧૦૦,૦૦૦/- યોગદાન.

## ચાલો સૌ ઋણાનુંભાવ સાથે આજ રોજ તા.૧૫/૦૯/૨૦૨૪થી <u>સમતા એમ્બ્યુલંસ</u> સેવા કાર્યરત કરીએ.

**સમતા એમ્બ્યુલંસ માટે પ્રત્યક્ષ, પરોક્ષ તેમજ આર્થિક સહયોગ રૂપે વિશાળ મન અને ખુલ્લા હદયે દાન આપીને આ સંકલ્પ સિદ્ધ કરવા બદલ અમો સૌના જીવનભર ઋણી રહીશું.**

**ન નફો ન નુકશાનના ધોરણે સમતા એમ્બ્યુલંસ સેવા આપતી રહે તે માટે જેવી રીતે સૌએ ફુલપાંખડી દાન કરીને દાન પારમિતા દ્રઢ કરી તેવી રીતે આવનાર સમયમાં કોઇ જરૂરીયાત મંદને આપણા જન્મ દિવસ, ધાર્મિક દિવસ કે વડિલોની સ્મૃતિમાં ફુલપાંખડી અર્પણ કરતા રહો જેથી એમ્બ્લ્યલંસનું મેંટેનંસ જળવાઇ રહે........**

**ધન્યવાદ.................**



પ્રતિશ્રી,......................................................

ગામ......................................................

તા..................................જી..................

પીન.................................

રવાના

શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા

૯૪૨૬૧૫૨૪૭૯/૯૪૨૬૦૫૨૧૭૯